# આજથી નરેન્દ્ર મોદી રાજ્યમાં બે દિવસ ચૂંટણી પ્રચાર કરશે

### આજે હિંમતનગર, સુરેન્દ્રનગર અને વલ્લભ વિદ્યાનગરમાં સભા : ગુજરાતની જનતાના આશીર્વાદ મેળવવા અને લાખો કાર્યકરોના પરિશ્રમથી ગુજરાતની તમામ ૨૬ બેઠક ઉપર ભાજપની જીત થશે : સ્મૃતિ પણ પહોંચશે

ગાંધીનગર, તા. ૧૬

ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ આજે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ૧૭મી એપ્રિલના દિવસે હિંમતનગર, સુરેન્દ્રનગર, આણંદ અને ૧૮મી એપ્રિલના દિવસે અમરેલીમાં જાહેરસભા કરનાર છે. આગામી લોકસભા ચૂંટણીને ધ્યાનમાં લઈને સમગ્ર ભારતમાં કેસરિયો માહોલ છે ત્યારે ગુજરાતની જનતાના આશીર્વાદ અને લાખો કાર્યકરોના પરિશ્રમથી ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠક પર ભાજપનું કમળ ખીલે તે હેતુસર પ્રવાસ કરનાર છે. ગુજરાતના લોકપ્રિય નેતા અને વિશ્વમાં લોકપ્રિયતા મેળવી રહેલા મોદી દેશના પુનઃ વડાપ્રધાન બનાવવા મતદારોમાં પણ ઉત્સાહ દેખાઈ રહ્યો છે. આવતીકાલે ૧૭મીએ ત્રણ જાહેરસભા કરનાર છે જે પૈકી એક વાગે હિંમતનગરમાં જાહેરસભા યોજાનાર છે જ્યારે બપોરે ત્રણ વાગે સુરેન્દ્રનગર લોકસભા બેઠક હેઠળ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સભા યોજાશે જ્યારે સાંજે પાંચ વાગે આણંદ લોકસભા બેઠક હેઠળ વલ્લભ વિદ્યાનગર શાસ્ત્રી મેદાન ખાતે જાહેરસભા થનાર છે. પ્રથમ દિવસે ત્રણ જાહેર સભા



કર્યા બાદ ૧૮મી એપ્રિલના દિવસે અમરેલીમાં જાહેરસભા યોજાશે. ભાજપની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, મોદી ઉપરાંત સ્મૃતિ ઈરાની પણ આવતીકાલે ચૂંટણી પ્રચાર કરનાર છે જેના ભાગરુપે પાટણ લોકસભા મતવિસ્તારમાં આવતા પાટણમાં પટેલ ઓટો મોબાઈલ પાછળના મેદાનમાં સવારે ૧૦ વાગે તેમની સભા થશે જ્યારે ૩.૩૦ વાગે સોમનાથ મંદિરે દર્શન કર્યા બાદ ૪.૩૦ વાગે જૂનાગઢમાં ગાર્ડન ચોક ખાતે સભા થશે. તેમની સાંજે છ વાગે ગોંડલ માંડવી ચોક ખાતે સભા થશે.

આ ઉપરાંત રાત્રે નવ વાગે પણ રાજકોટમાં પાણીઘોડા ખાતે એક બેઠખ થશે. કેન્દ્રીયમંત્રી સુષ્મા સ્વરાજ પણ ચૂંટણી પ્રચાર કરનાર છે જેના ભાગરુપે ૧૮મીએ બપોરે બે વાગે અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ લોકસભા મતવિસ્તારમાં અમદાવાદ શહેરના સીટીએમ કુશાભાઈ ઠાકરે હોલમાં તેમની સભા થશે. તે જ દિવસે સાંજે છ વાગે જામનગરમાં ટાઉન હોલ ખાતે તેમની બેઠક થશે.

## હિંમતનગરમાં મોદીની સભાનો મંડપ વાવાઝોડામાં ઉડયો

### ૧૮ અને ૧૯મીએ રાહુલ ગાંધી પ્રચારસભા ઘમરોળશે મોદી અને રાહુલની ગુજરાત યાત્રાને લઇને મજબૂત સુરક્ષા

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પણ ગુજરાતમાં ઝંઝાવતી પ્રચાર માટે કમરકસી ચુક્યા છે. થોડાક દિવસ પહેલા જ ચૂંટણી સભા કર્યા બાદ હવે રાહુલ ફરી ૧૮મી એપ્રિલના દિવસે ૩.૩૦ વાગે બરેલીથી સીધા કેશોદ આવશે અને બપોરે ૪ વાગ્યે કેશોદથી વંથલી સભા સ્થળે પહોંચશે. જ્યાં ૪થી૫ વાગ્યા સુધી જાહેરસભા સંબોધશે. પોરબંદર અને જૂનાગઢ લોકસભાના લોકોને સંબોધન કરશે. જાહેરસભા બાદ રાહુલ ૫.૨૫ વાગ્યે કેશોદ પહોંચશે અને ૫.૩૦ વાગ્યે સ્પેશિયલ ફ્લાઈટ દ્વારા ભુજ જવા રવાના થશે. જ્યાં સાંજના ૬.૧૫ કલાકે જનસભામાં પહોંચશે અને ત્યારબાદ ૭.૩૦ કલાકે રાત્રિ રોકાણ માટે ભુજથી સુરત જવા રવાના થશે. ત્યારબાદ તા.૧૯મી એપ્રિલે બારડોલીમાં જાહેરસભા સંબોધશે.ગુજરાત લોકસભાની ચૂંટણીને લઈ એકબાજુ રાજયમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે અને પ્રચાર કાર્ય ચરમસીમાએ છે ત્યારે આજે રાજયના હવામાનમાં આવેલા અચાનક પલ્ટા બાદ અમદાવાદ, ગાંધીનગર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારોમાં ફુંકાયેલા પ્રચંડ વાવાઝોડા અને કરા સાથે વરસાદ બાદ ભાજપ-કોંગ્રેસના પ્રચારકાર્યમાં અંતરાય ઉભો થયો હતો. ખાસ કરીને આવતીકાલે તા.૧૭મી એપ્રિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી હિંમતનગરમાં જયાં પ્રચારસભા કરવાના હતા તે સભા મંડપ આજના પ્રચંડ વાવાઝોડામાં ઉડી ગયો હતો, જેને પગલે સ્થાનિક વહીવટીતંત્ર અને ભાજપના સભા આયોજકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. પીએમ માટે આ વિશાળ અને વિશેષ સભામંડપ તેમ જ શામિયાણો તૈયાર કરાયો હોઈ તે ધ્વસ્ત થતાં તેને લઈ ભારે નુકસાન થયુ હોવાનો પણ અંદાજ છે. ઉલ્લેખનીય છે કે, લોકસભા ચૂંટણીને પગલે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી તા.૧૮ અને ૧૯ એપ્રિલના રોજ જ્યારે પીએમ મોદી આવતીકાલે તા.૧૭ એપ્રિલે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. જેને લઈ હાલ પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. પીએમની સુરક્ષાને ધ્યાને લઈ સાત એસપી, ૧૩ ડીવાયએસપી, ૨૩ પીઆઇ, ૧૨૦ પીએસઆઇ અને ૧૪૦૦ પોલીસ કર્મી સહિત એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ, એલસીબી, એસઓજી સહિતની સુરક્ષા ટીમો તૈનાત રહેશે.

## ચિલોડા સર્કલ પાસેથી ગેરકાયદેસર હથિયાર સાથે બે ઝડપાયા

ચિલોડા ચાર રસ્તા પાસેથી ગેરકાયદેસર હથીયાર સાથે એલસીબી પોલીસે બે ઈસમોને પકડી પાડ્યા છે. દેશી બનાવટની લેથ મશીન કટ પિસ્તોલ સાથે બે જીવતા કારતુસ જપ્ત કર્યા છે. આ બંન્ને ઈસમો સાબરકાંઠાના મુખ્ય મથક હિંમતનગરના છે. એલસીબી પોલીસે બે ઈસમો સામે ચિલોડા પોલીસ મથકે આર્મસ એક્ટનો ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર લોકલ ક્રાંઈમ બ્રાન્ચના પીઆઈ નીરજ પટેલને બાતમી મળી હતી કે બે શખ્સો હિંમતનગરથી ચિલોડા થઈને દહેગામ તરફ જવાના છે. જેને પગલે એલસીબી પોલીસની ટીમ વોચમાં ગોઠવાઈ જઈને ચિલોડા સર્કલ પાસે દહેગામ તરફના માર્ગ પર થી બંન્ને ઈસમોને પકડી પાડ્યા હતા. આ શખ્સો હિંમતનગરના સાજીદઅલી હૈદરઅલી પઠાણ (ઉં.વ.૩૪, રહે. પોલો ગ્રાઉન્ડ, અંબર સિનેમા રોડ), તથા મોહમદ નવાજખાન આલમખાન પઠાણ (ઉં.વ.-૨૯ રહે.સરઢવ ગામ પાણપુર પાટીયા) નો સમાવેશ થાય છે. બંન્ને આરોપી પાસેથી એલસીબીને ૨-.૧૦ હજારની કિંમતની એક પિસ્તોલ તથા રૂ.૨૦૦ ની કિંમતના બે જીવતા કારતુસ મળી આવ્યા હતા.





લોકસભાની ચુંટણીને અનુલક્ષી હાલ પ્રચાર ઝુંબેશ તેજ બની છે. રાજકીય પક્ષો પ્રજાના મત બટોરવા માટે પ્રચાર કામે લાગી ગયા છે. વાર્ડ નં -૭ માં પણ બુથ ૧૦૮ અને ૧૦૯ ના પ્રમુખ બિપીન રાવલ તેમજ શંકર ચૌધરીની આગેવાની સંયુકત બુથ બેઠક રાખવામાં આવી હતી. સે-૩ સી પ્લોટ નં -૬૮૬ : ૨ પાસે કોમન પ્લોટમાં યોજાયેલી આ બેઠકમાં અગ્રણી વિક્રમ પટેલ સહીત ૩૫૦ જેટલા કાર્યકરો તેમજ આગેવાનો હાજર રહ્યા હતા. બેઠકનુ સંચાલન બિપીન રાવલે કર્યુ હતુ.



ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ડોર ટુ ડોર પ્રચાર અભિયાનના ભાગરૂપે આજે સે. ૬માં કોંગ્રેસના કાર્યકરોએ ફેરણી કરી હતી અને કોંગ્રેસના ઉમેદવારનો પરિચય આપતી તેમજ કોંગ્રેસના ચૂંટણી વચનો દર્શાવતી પત્રિકાનું વિતરણ કર્યુ હતુ.

## કોર્ટના ગેટ સામે ''તે મને પુછીને પૈસા આપ્યા છે''તેમ કહી વકીલ પર હુમલો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના કોર્ટના ગેટ નં-૨ પાસે લારી લઈને ઉભા રહેતા એક વેપારીએ વકીલને માર મારવાની ઘટના સામે આવી છે. વકીલ પાસેથી ઉછીના લીધેલા રૂપીયાની માંગણી અંગે બે ભાઈઓએ વકીલને પેવર બ્લોક મારી ઈજા પહોંચાડી હતી. તે ઉપરાંત ગડદા પાટુનો માર મારી ભજીયાની લારીવાળાએ હવે રૂપીયા માંગશ તો જાનથી મારી નાંખીશ કહી ધમકી આપતા વકીલે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૪ ખાતે રહેતા પ્રવિણસિંહ દિપસિંહ રાઠોડ (ઉં.વ.-૪૫) ગાંધીનગર કોર્ટમાં વકીલાતની પ્રેકટીસ કરે છે. ત્રણ વર્ષ પહેલા તેમણે કોર્ટના ગેટ નં.૨ની સામે ભજીયાની લારીવાળા દિનેશ રામજીભાઈ મકવાણાને રૂ.૫૦ હજાર ઉછીના આપ્યા હતા. જેમાંથી થોડા પૈસા પરત કર્યા બાદ બાકીના પૈસામાં વાયદા પડ્યા હતા. જેને પગલે સોમવારના સાંજના સુમારે કોર્ટનો સમય પૂર્ણ થયા બાદ પ્રવિણસિંહ રૂપીયા લેવા માટે ગયા હતા. જયં દિનેશ ન હોવાથી બાજુમાં તેના ભાઈ લક્ષ્મણની લારી પર ગયા હતા.જયાં લક્ષ્મણ અને નરેશ બંને ભાઈઓ હાજર હતા. રૂપીયાની ઉઘરાણી અંગે વાત કરતા ઉશ્કેરાઈ ગયેલા નરેશે તે મને પુછીને પૈસા આપ્યા હતા કહી પેવર બ્લોક છુટ્ટો માર્યો હતો જેથી વકીલને માથાના ભાગે ઈજા પહોંચી હતી. તેમ છતા નરેશે બીજો પેવર બ્લોક લેતા પ્રવિણસિંહે તેને પકડતા લક્ષ્મણ આવી ગયો હતો અને બંને ભાઈઓએ તેમને માર માર્યો હતો.

## સિવિલમાં વિજ પુરવઠો બંધ કરી દેવાતા દર્દીઓ હેરાન-પરેશાન

### ઈલેક્ટ્રીક રુમ અને લીફ્ટમાં પાણી કયાંથી આવે છે, તે ફોલ્ટ શોધવા માટે દોડધામ શરુ કરાઈ

ગાંધીનગર, તા.૧૬

પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત ૬૦૦ બેડની ઈમારતમાં ગ્રાઉન્ડ ફલોર પર આવેલા ઈલેકટ્રીક રૂમ અને લીફટમાં પાણી ભરાઈ જવાના કિસ્સાને પગલે આજે વિજપુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. પાણી ભરાઈ રહેવાના કાયમી ઉકેલને પગલે એક સાઈડનો વીજપુરવઠો બંધ કરવામાં આવતા આજે સવારથી દર્દીઓ - મુલાકાતીઓ સહિત સ્ટાફના કર્મચારીઓ પણ હેરાન પરેશાન થઈ ગયા હતા. જયારે તમામ લીફટ અને ઈલેકટ્રીક રૂમમાંથી પાણી નીકાળી દેવામાં આવ્યું છે અને પાણી કયાંથી આવે છે તે શોધવા માટે પીઆઈયુની ટીમ સવારથી કામે લાગી ગઈ હતી અને દોડધામ શરુ કરી દીધી હતી જો કે તેમનું કહેવું છે કે ફોલ્ટ મળી ગયો છે અને ગણતરીના કલાકોમાં તેને રીપેરીંગ કરી દેવામાં આવશે. જયારે બપોરના સમય બાદ થોડાક સમય માટે દર્દીઓ માટે બે લીફટ કાર્યરત કરવામાં આવી હતી. જયારે સિવિલ હોસ્પિટલમાં એક સાઈડનો વિજપુરવઠો બંધ કરવામાં આવતા અંદાજીત ૨૦૦ જેટલા દર્દીઓને હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. દર્દીઓને લઈને એકસ-રે, સોનોગ્રાફી માટે લઈ જવામાં સ્ટાફના કર્મચારીઓની હાલત ખરાબ થઈ ગઈ હતી. જયારે ડાયટના ડબ્બા લઈને જતા કર્મચારીઓની હાલત કફોડી બની ગઈ હતી. જયારે બ્લડબેંકમાં બ્લડ સેમ્પલ આપવા માટે જતા સ્નેહીજનો પણ સીડીના ચઢાવ-ઉતારથી થાકી ગયા હતા. જયારે દર્દીઓ માટે વારંવાર નીચે આવતા જતા સગાઓની સંખ્યા ખુબ જ ઓછી જોવા મળી હતી. તો બીજી તરફ સિવિલ તંત્ર દ્વારા નવી બિલ્ડીંગની નીચે દર્દીઓ હેરાન ન થાય તે માટે વ્હીલ ચેર સાથે કર્મચારીઓ ઉભા કરી દેવામાં આવ્યા હતા. જયારે બપોર બાદ લિફટ પણ કાર્યરત કરી દેવામાં આવી હતી. ત્યારે આજે વિજપુરવઠો બંધ રહેતા દર્દી,સગાઓ સહિત સ્ટાફના માણસોની હાલત પણ કફોડી બની જવા પામી હતી.

## અમદાવાદમાંથી લેપટોપ મોબાઈલ ચોરી કરનાર શખ્સ એપોલો સર્કલથી ઝડપાયો

ગાંધીનગર એલસીબી પીઆઈ ટી.આર.ભટ્ટની ટીમ અડાલજ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન એપોલો સર્કલ પાસેથી એક શખ્સ શંકાસ્પદ હાલતમાં પકડાયો હતો. તેની પાસે રહેલી બેગની તપાસ કરતા તેમાંથી લેપટોપ, મોબાઈલ અને પેન ડ્રાઈવ મળી આવ્યા હતા.

## કલોલના વૃદ્ધાના દાગીનાની છેતરપિંડી કરનાર બે શખ્સોને એલસીબીએ દબોચી લીધા

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં રૂ.૫૦૦ ની નોટોનું બંડલ બતાવીને વૃધ્ધાના દાગીનાની છેતરપિંડી કરનાર બે ઈસમોને ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. એલસીબી પોલીસમાં ફરજ બજાવતા વિજયસિંહને કલોલ સિંદબાદ હોટેલ પાસે એક ઈસમ દાગીના વેચવા ફરી રહ્યો છે તેવી બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રાજસ્થાનના ઝાલોરના અને હાલ અમદાવાદ ઠક્કરનગર રહેતા ભીમા શાંતિલાલ રાઠોડને અર્જુન શાંતિલાલ રાઠોડને પકડી પાડયા હતા. તેઓની પાસેથી રૂ.૫૩ હજારની કિંમતના સોનાના દાગીના મળી આવ્યા હતા. જે તેઓએ તા.૮ માર્ચના રોજ કલોલના પૂર્વ વિસ્તારમાં આવેલી આશિર્વાદ સોસાયટીમાં પ્રેમીલાબેન સુરેશબાઈ સીરસાળેને છેતરીને લઈ લીધા હતા. જે અંગે કલોલ શહેર પોલીસ મથકમાં બંન્ને શખ્સો સામે ફરીયાદ દાખલ થઈ છે.

## દેશના બીજા વડાપ્રધાન આપ્યા તે સાબરકાંઠામાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે ટક્કર

ગાંધીનગર

ગુજરાતે દેશને બીજા વડાપ્રધાન આપ્યા છે તે સાબરકાંઠાની લોકસભા બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર છે. આ બેઠક શરૂઆતમાં કોંગ્રેસનો ગઢ હતી પરંતુ ધીમે ધીમે કોંગ્રેસની વોટબેન્ક તૂટી જતાં આ બેઠક પર ભાજપના ઉમેદવારો ચૂંટણી જીતે છે. ભાજપે રામાયણ ફેઈમ લંકેશ-- અરવિંદ ત્રિવેદીને આ બેઠક પરથી લડાવ્યા હતા પરંતુ તેમણે મતવિસ્તાર સાચવવાની જગ્યાએ મુંબઈમાં રહેવાનું પસંદ કરતાં ભાજપે તેમને ફરી ટિકીટ આપી ન હતી.

૧૯૫૧, ૧૯૫૭ અને ૧૯૬૨ એમ સળંગ ત્રણ ટર્મથી ભારતના પૂર્વ વડાપ્રધાન ગુલઝારીલાલ નંદા કોંગ્રેસની ટિકીટ પર ચૂંટણી જીત્યા હતા એવી સાબરકાંઠા બેઠક પર ૧૯૬૭ અને ૧૯૭૧માં કોંગ્રેસના સીસી દેસાઈ ચૂંટણી લડીને લોકસભામાં ગયા હતા. ૧૯૭૩માં કોંગ્રેસે મણીબેન પટેલને ટિકીટ આપી હતી અને તેઓ સંસદમાં ગયા હતા. મણીબેન પટેલ એ સરદાર વલ્લભભાઈ પટેલના પુત્રી હતા.




૧૯૭૭માં જનતા મોરચા સમયે સાબરકાંઠા બેઠક પરથી એચએમ પટેલ ચૂંટણી જીત્યા હતા પરંતુ ૧૯૮૦માં કોંગ્રેસના શાંતુભાઈ પટેલ લોકસભામાં ગયા હતા. જો કે ફરીથી ૧૯૮૪માં જનતા પાર્ટીના એચએમ પટેલ ચૂંટણી જીત્યા હતા. ૧૯૮૯માં જનતા પાર્ટીના મગનભાઈ પટેલ ચૂંટણીમાં વિજેતા થયા હતા. ૧૯૯૧માં હિન્દુત્વના મોજા વખતે ભાજપે ફિલ્મસ્ટાર અને રામાયણ સિરીયલના રાવણ-- અરવિંદ ત્રિવેદીને ટિકીટ આપી હતી અને તેઓ ચૂંટણી જીતી ગયા હતા.

૧૯૯૬, ૧૯૯૮ અને ૧૯૯૯ એમ સળંગ ત્રણ વખત સાબરકાંઠાની ચૂંટણીમાં કોંગ્રેસના નિશા ચૌધરી વિજેતા થયા છે. તેઓ પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીના પત્ની હતા. આજે આ બન્ને નેતાઓ હયાત નથી. ૨૦૦૧માં યોજાયેલી પેટા ચૂંટણીમાં કોંગ્રેસના મધુસુદન મિસ્ત્રી આ બેઠક પરથી વિજેતા થયા હતા. ૨૦૦૪ની સામાન્ય ચૂંટણીમાં તેઓ લોકસભામાં ચૂંટાઈને ગયા હતા.

૨૦૦૯માં આ બેઠક પરથી ભાજપના મહેન્દ્રસિંહ ચૌહાણ ચૂંટણી જીત્યા હતા પરંતુ ભાજપે ફરીથી તેમને ટિકીટ આપી ન હતી. ૨૦૧૪માં ભાજપે દિપસિંહ રાઠોડને ટિકીટ આપી હતી અને તેઓ જીત્યા હતા. તેમણે કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાને હરાવ્યા હતા. હવે ૨૦૧૯માં પણ તેઓ ભાજપના ઉમેદવાર છે.

## ગોધરાનો નવો અવતાર પંચમહાલ-- પૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈ જીત્યા હતા

ગાંધીનગર

ગુજરાતની ગોધરા લોકસભા બેઠકનો નવો અવતાર એ પંચમહાલની લોકસભા બેઠક છે. આ બેઠકમાં કોંગ્રેસના ઉમેદવારો વિજયી થતા આવ્યા છે. ૧૯૫૨ થી ૧૯૬૨ સુધી આ બેઠક ન હતી પરંતુ ગોધરાની બેઠક પર પ્રથમ ચૂંટણી ૧૯૮૭માં થઈ હતી. એ સમયે સ્વતંત્ર પાર્ટીના પિલુ મોદી ચૂંટાઈ આવ્યા હતા. ૧૯૭૧માં પણ તેમણે વિજયની રફતાર ચાલુ રાખી હતી. ૧૯૭૭માં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈ આ બેઠક પરથી ચૂંટણી જીત્યા હતા. આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારો વિજયી થતાં હતા. ૧૯૮૪માં કોંગ્રેસના જયદીપસિંહ અને ૧૯૮૯માં શાંતિલાલ પટેલ ચૂંટણી જીત્યા હતા. એક સમયે ભાજપના ટોચના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલ ૧૯૯૧માં ગોધરાથી ચૂંટણી લડ્યા હતા અને મોટા માર્જીન સાથે ચૂંટણી જીત્યા હતા.



૧૯૯૬માં જનતાદળમાંથી અને ૧૯૯૮માં કોંગ્રેસમાંથી શાંતિલાલ પટેલ ચૂંટણી જીત્યા હતા. આ સમય કોંગ્રેસનો હતો પરંતુ ૧૯૯૯માં પરિણામ પલટાઈ ગયું અને ભાજપના ભૂપેન્દ્રસિંહ સોલંકી વિજયી થયા હતા. તેઓ ૨૦૦૪ની લોકસભા ચૂંટણી પણ આ બેઠક પરથી જીત્યા હતા. આ ટર્મ પછી ગોધરા બેઠક ડિલિમિટેશનમાં નિકળી જતાં નવી પંચમહાલ બેઠક અસ્તિત્વમાં આવી હતી.

૨૦૦૯ અને ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પંચમહાલ બેઠક પરથી ભાજપના પ્રભાતસિંહ ચૌહાણ ચૂંટણી જીત્યા હતા. પરિવારના વિવાદોમાં ફસાયેલા પ્રભાતસિંહ ચૌહાણને પાર્ટીએ ૨૦૧૯માં ટિકીટ આપી નથી. તેઓ પાર્ટીથી નારાજ છે છતાં ભાજપ પાસે સ્ટ્રોંગ ઉમેદવાર હોવાથી પાર્ટીના સૂત્રો કહે છે કે ભલે પ્રભાતસિંહ ન હોય અમે આ બેઠક જીતી જવાના છીએ. કોંગ્રેસે વીકે ખાંટને આ બેઠક પરથી લડાવ્યા છે. તેઓ પણ આ વિસ્તારમાં પ્રભુત્વ ધરાવે છે.

૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે શંકરસિંહ વાઘેલાને મેદાનમાં ઉતાર્યા હતા પરંતુ તેઓ ચૂંટણી હારી ગયા હતા. જો કે પ્રભાતસિંહ માત્ર ૨૦૮૧ મતે વિજયી થયા હતા. જો બીએસપીનો ઉમેદવાર ન હોત તો આ બેઠક પરથી શંકરસિંહ વાઘેલા ચૂંટણી જીતી ગયા હોત, કારણ કે બીએસપીનો ઉમેદવાર ૧૦૦૦૦ મત લઈ ગયો હતો. ૨૦૧૪માં સ્થિતિ સાવ અલગ હતી. ભાજપના પ્રભાતસિંહ ૧.૭૦ લાખ મતના માર્જીનથી ચૂંટણી જીત્યા હતા. તેમણે કોંગ્રેસના રામસિંહ પરમારને હરાવ્યા હતા. આજે રામસિંહ પરમાર પણ ભાજપમાં છે અને અમૂલ ડેરીના ચેરમેન છે.

## કોંગ્રેસના ઉમેદવાર ૧૦ વખત જીત્યા છે તે છોટા ઉદેપુરમાં રાઠવા વચ્ચે જંગ છે

ગાંધીનગર

કોંગ્રેસનો ગઢ ગણાતી છોટા ઉદેપુર લોકસભા બેઠકમાં આ વખતે કોંગ્રેસે રણજીતસિંહ રાઠવાને ટિકીટ આપી છે. તેઓ કોંગ્રેસના નેતા મોહનસિંહ રાઠવાના પુત્ર છે. રાઠવા ૧૯૭૫થી વિધાનસભાની ચૂંટણી જીતતા આવ્યા છે. તેમને રાજકારણ વારસામાં મળ્યું છે. બીકોમ સુધી અભ્યાસ કર્યો છે તેવા રણજીતસિંહ સ્વચ્છ પ્રતિભા ધરાવે છે.

બીજી તરફ ભાજપે સાંસદ રામસિંહ રાઠવાની ટિકીટ કાપીને આ વખતે ગીતાબેન રાઠવાને આપી છે. તેઓ છેલ્લા ત્રણ દાયકાથી છોટા ઉદેપુરના રાજકારણમાં સક્રિય છે. તેઓ ધોરણ-૧૨ પાસ છે. બન્ને પાર્ટીના ઉમેદવારો જિલ્લા પંચાયતના સભ્ય રહી ચૂક્યાં છે.

ગુજરાતમાં એસટી અનામતની બેઠકોમાં બારડોલી, વલસાડ, દાહોદ અને છોટા ઉદેપુરનો સમાવેશ થાય છે. રાજ્યના આદિવાસી મતદારો માત્ર આ ચાર બેઠકો પર જ નહીં બીજી ચાર બેઠકો પર નિર્ણાયક સાબિત થાય છે કે જે અનામતમાં આવતી નથી. જંગલ જમીનના હક્કના મુદ્દે રાજ્યમાં આદિવાસીઓ લડત ચલાવે છે. આ મુદ્દાની સીધી અસર લોકસભાની ચૂંટણી પર થઈ શકે છે.

બીજી મહત્વની બાબત એવી છે કે નર્મદા જળાશય પાસે સરકારે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું બાંધકામ કર્યું છે જેનો આદિવાસીઓ શરૂઆતથી જ વિરોધ કરતા આવ્યા છે. આ સ્થળની આજુબાજુની જમીન સંપાદનના મુદ્દે આદિવાસીઓ ભાજપથી નારાજ છે. છોટા ઉદેપુરમાં કુલ ૧૬.૫૫ લાખ મતદારો છે જે પૈકી ૫૫.૩૨ ટકા મતદારો આદિવાસી છે.

૧૯૬૭માં કોંગ્રેસના મનુભાઈ પટેલ અને ૧૯૭૧માં કોંગ્રેસના પ્રભુદાસ પટેલ ચૂંટણી જીત્યા હતા. ૧૯૭૭ થી ૧૯૮૪ સુધી થયેલી ચાર લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના અમરસિંહ રાઠવા ચૂંટણી જીત્યા હતા તેમના પછી ૧૯૮૯ થી ૧૯૯૮ સુધીની ચાર ચૂંટણીમાં કોંગ્રેસના નારણ રાઠવાનો વિજય થયો છે. ૧૯૯૯માં ભાજપના રામસિંહ રાઠવા ચૂંટણીમાં સફળ થયા હતા પરંતુ ૨૦૦૪માં પાછા કોંગ્રેસના નારણ રાઠવા વિજેતા થયા હતા. ૨૦૦૯ અને ૨૦૧૪માં આ બેઠક ભાજપને ફાળે ગઈ છે જેમાં રામસિંહ રાઠવા ચૂંટણી જીત્યા છે. આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ૧૦ વખત અને ભાજપના ઉમેદવાર માત્ર ત્રણ વખત જીત્યા છે.

છોટા ઉદેપુરને કોંગ્રેસનો ગઢ કહેવામાં આવે છે. આ બેઠક પર મોદીનો જાદુ ન ચાલ્યો તો ભાજપના મહિલા ઉમેદવારને હારનો સામનો કરવો પડશે, કારણ કે કોંગ્રેસના નારણ રાઠવાના પુત્ર માટે ખુદ પિતા ચૂંટણી પ્રચારમાં છે. નારણ રાઠવા આ બેઠક પર પાંચ વખત ચૂંટણી જીત્યા છે. ૨૦૧૪માં નરેન્દ્ર મોદીના કરિશ્મા વચ્ચે ભાજપના ઉમેદવાર રામસિંહ રાઠવાને ૧.૭૯ લાખની લીડ મળી હતી પરંતુ તેમને ૨૦૦૯ની ચૂંટણીમાં માત્ર ૨૬૯૦૦ની લીડ હતી. કોંગ્રેસના નારણ રાઠવા ૨૦૦૪માં ૩૬૦૦૦ના માર્જીનથી ચૂંટણી જીત્યા હતા.